**ગુજરાત સરકાર**

ઠરાવ ક્રમાંક: ATS/10/2013/90/SB -V

ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

**તા. ૧૩/૧૦/૨૦૧૪**

**વંચાણે લીધા :**
1. તા. ૬/૨/૨૦૧૩ની આઈટી બેઠકની કાર્યવાહી નોંધ-
2. વિજ્ઞાન અને પ્રૌદ્યોગીકી વિભાગની ફાઈલ ક્રમાંક:SDC/10/2013/414933/IT
3. ગૃહ વિભાગના તા. 3/3/2014ના સમાનાંકી ઠરાવ
4. GIPL ના તા.૩૦/૭/૨૦૧૪ નો પત્ર
5. ગૃહ વિભાગના તા. ૬/૮/૨૦૧૪ ના સમાનાંકી ઠરાવ
6. ગૃહ વિભાગના ૫/૯/૨૦૧૪ના સમાનાંકી ઠરાવ

**સુધારા ઠરાવ :-**

ગૃહવિભાગ દ્વારા સાયબર સુરક્ષા કવચ અંગે ક્રમ(૧) અને ક્રમ(૨) ને વંચાણે લઈ ક્રમ(૩)ના ઠરાવથી આદેશો બહાર પાડવામાં આવેલ હતા. ત્યારબાદ ક્રમ(૪)ના તા.૩૦/૭/૨૦૧૪ ના પત્રથી GIPL અને શ્રી નીરજ ગેમાવત, CMD ગેટ વે ટેકનોલોજી લેબ્સ દ્વારા તા.૩/૩/૨૦૧૪ ના ઠરાવમાં અમુક ફેરફારો કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. આથી સાયબર સુરક્ષા કવચના તા. ૩/૩/૨૦૧૪ના મુળ ઠરાવમાં ફેરફાર કરી ક્રમ(૫) માં દર્શાવેલ સુધારા ઠરાવ બહાર પાડવામા આવેલ હતો.જેમાં રોજબરોજના પ્રશ્નો ઉભા થતા હોવાથી ક્રમ (૬) મુજબ પુન: સુધારો કરવામાં આવેલ હતો.

પુખ્ત વિચારણાને અંતે ઉક્ત ક્રમ(૬) માં પુન: આ પ્રમાણે સુધારો કરવામાં આવે છે. "સાયબર સુરક્ષા કવચ ગૃહ વિભાગના તાબા હેઠળ પોલીસ મહાનિરીક્ષકશ્રી (એસ.સી.આર.બી.) ના વડપણ નીચે કામ કરશે."

ઉપરાંત ક્રમ(૬)ના ઠરાવ માં દર્શાવેલ કમિટીના બંધારણમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે.

- ➔ શ્રી સંજય શ્રીવાસ્તવ, આઈ.પી.એસ., પોલીસ મહાનિરીક્ષકશ્રી (એસ.સી.આર.બી.) ગાંધીનગર.
- ➔ શ્રી નિરજ ગેમાવત (ગૃહ વિભાગના એડવાઈઝર ઓન સાયબર સીક્યુરીટી)
- ➔ શ્રી વી.કે. શર્મા, ( મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, GIPL).

આમ હવે કમિટીમાં શ્રી એ.કે.સુરોલીયા, આઈ.પી.એસ., અધિક પોલીસ મહાનિદેશકશ્રી (એટીએસ) અમદાવાદની જગ્યાએ શ્રી સંજય શ્રીવાસ્તવ, આઈ.પી.એસ., પોલીસ મહાનિરીક્ષકશ્રી (SCRB) ગાંધીનગરનો સમાવેશ કરવામાં આવે છે. અને તેઓને સાયબર સુરક્ષા કવચના CEO તરીકે નિમણુંક આપવામાં આવે છે. CSK અંતર્ગત તમામ પ્રવૃતિઓ તેઓના વડપણ નીચે કરવાની રહેશે. આમ અગાઉના ઠરાવોમાં જે-જે કામગીરી શ્રી એ.કે. સુરોલીયા, આઈ.પી.એસ., અધિક પોલીસ મહાનિદેશકશ્રી (એટીએસ)ને સોંપવામા આવેલ છે તે તમામ કામગીરી હવેથી શ્રી સંજય શ્રીવાસ્તવ, આઈ.પી.એસ., પોલીસ મહાનિરીક્ષકશ્રી (SCRB) ગાંધીનગર સંભાળશે.

સદરહુ ટીમનું મુખ્ય કાર્ય CSK ની વિવિધ જરૂરીયાતો હાર્ડવેર/સોફ્ટવેર અને ઈન્ફ્રાસ્ટ્રકચર અને તમામ જરૂરીયાતો અંગે ટેકનીકલ સ્પેશીફીકેશન્સ, વ્યક્તિઓની લાયકાતો તથા કેટલા સમયમાં આ જરૂરીયાતો પુર્ણ કરવાની રહેશે તે નક્કી કરવાનું રહેશે જેથી CSK સરળતાથી કામ કરી શકે.

સદરહુ કમિટીના અન્ય સભ્યો અને સમિતિનું કાર્યક્ષેત્ર ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૩),(૫) અને (૬)થી વંચાણે લીધેલ સમાનાંકી ઠરાવોમાં નક્કી કરવામાં આવ્યા મુજબ જ રહેશે.

**(નિખિલ ભટ્ટ)**
સંયુક્ત સચિવ અને સી.આઈ.ઓ.
ગૃહ વિભાગ.

નકલ રવાના:-

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(એટીએસ) અમદાવાદ.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(વહીવટ ) ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(ક્રાઈમ) ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(હથીયારી એકમો) ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તાલિમ) ગાંધીનગર.
- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર
- પોલીસ મહાનિરીક્ષકશ્રી (એસ.સી.આર.બી.), ગાંધીનગર.
- શ્રી નિરજ ગેમાવત, સાયબર ક્રાઈમ સ્પેશીયાલીસ્ટ અને ગૃહ વિભાગના એડવાઈઝર.
- શ્રી વી.કે. શર્મા, મેનેજીંગ ડાયરેક્ટર, GIPL. ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ

Dt. 14 OCT 2014
O.S.
Addl. D.G.P. CC